# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૭-૧૧-૨૦૨૪ ગુરુવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## રેશનકાર્ડ ધારકો-કેવાયસી:

જીલ્લાના તમામ રેશનકાર્ડ ધારકોને માહિતી આપતા જણાવવાનું કે, આવતીકાલ ૮ નવેમ્બર થી ૧૦ નવેમ્બર એમ ત્રણ દિવસ જીલ્લાની તમામ વ્યાજબી ભાવની દુકાનો પર ઈ કેવાયસી કરવા માટે વિનામૂલ્યે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઈ કેવાયસી કરવા માટે રેશનકાર્ડ, અને આધારકાર્ડ સાથે લઇ જવાના રહેશે. વ્યાજબી ભાવની દુકાન પર અન્ય કોઈ કાગળ જમા કરાવવાના રહેશે નહી. આ કામગીરી સરકારશ્રીની મહત્વની યોજનાઓ સાથે જોડાયેલ હોઈ સૌને સત્વરે કેવાયસી કરાવવા અનુરોધ છે.

- (NP, આરતી ભટ્ટ)

---

## મુન્દ્રા બંદર-રેતીના કન્ટેનર કબજે:

કચ્છમાં આવેલા મુન્દ્રા બંદર પરથી કસ્ટમ વિભાગે પાંચ કન્ટેનર કબજે કર્યા હોવાના અહેવાલ છે. કસ્ટમ વિભાગની વિશેષ તપાસ અને ગુપ્તચર શાખા દ્વારા કરાયેલી કાર્યવાહીમાં 140 ટન પ્રતિબંધિત ગાર્નેટ એટલે કે , લાલ રેતીની નિકાસ થઈ રહી હતી. આ રેતીનો જથ્થો કબજે કરાયો હતો. આ રેતીની વિદેશમાં અંદાજે 50 કરોડ રૂપિયાની કિંમત થાય છે.

- (RNU અમદાવાદ)

---

## ગુજરાત રાજ્ય ડીઝાસ્ટર મેનેજમેન્ટ-મોક ડ્રીલ:

ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ કચ્છ જિલ્લા વહીવટીતંત્ર, ઈન્કોઈસ, રિલાયન્સ ફાઉન્ડેશન તથા અન્ય એજન્સીઓએ કચ્છના રાપર ગઢ ગામે મેગા મોક સુનામી કવાયત હાથ ધરી હતી. યુનેસ્કો સુનામી-રેડી માન્યતા કાર્યક્રમ અનુસાર ગામને સુનામી સમયે કોઇપણ પરિશિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવાનો હતો.

મોક ડ્રિલના ભાગરૂપે પોલીસ તથા આરોગ્ય જેવા આવશ્યક સેવા વિભાગીય કર્મચારીઓને સાબદાં રખાયા હતા જેથી આપાતકાલીન સ્થિતિને પહોંચી વળાય જ્યારે મરીન પોલીસ તેમજ મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા માછીમારોને દરિયામાં જતા રોકવામાં આવ્યા હતા.

જિલ્લા શિક્ષણ કર્મચારીઓ તથા એએનએમ દ્વારા સુનિશ્ચિત કરાયું હતું કે બાળકોને સુરક્ષિત રીતે ગામમાંથી ખસેડવામાં આવે. આ મોક એક્સરસાઈઝનો ઉદ્દેશ સરકારી વિભાગો, સામુદાયિક અગ્રણીઓ, અને નિવાસીઓ વચ્ચે સંકલન સુદૃઢ બનાવવાનો હતો.

- (RNU અમદાવાદ)

---

## ગાંધીધામ-એસપી કચેરી-લોક દરબાર:

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા પૂર્વ કચ્છના તમામ શહેરો અને ગામડાઓમાં છેતરપિંડીના ભોગ બનનારા લોકોને રજૂઆત કે ફરિયાદ કરવા આગામી તારીખ નવ નવેમ્બરના રોજ ગાંધીધામ એસપી કચેરી ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું છે.

કોઈ પણ ધંધા , ઉદ્યોગ કે વ્યવસાય સાથે સંકળાયેલા લોકો જો છેતરપિંડી અથવા ઠગાઈનો ભોગ બન્યા હોય અને કોઈ કારણોસર પોલીસ મથકે ફરિયાદ કે રજૂઆત ન કરી શક્યા હોય તેવા લોકોને આ લોક દરબારમાં જોડાવા પૂર્વ કચ્છ પોલીસવડા સાગર બાગમારે અપીલ કરી છે.

- (NP, આરતી ભટ્ટ)

---

## રણોત્સવ શરુ:

રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા જિલ્લાના સફેદ રણમાં અગામી તારીખ 11 મી નવેમ્બરથી ધોરડો ખાતે રણોત્સવનો પ્રારંભ થશે. તારીખ 15 માર્ચ 2025 સુધી ચાલનારા આ રણ ઉત્સવ દરમિયાન ટેન્ટ સીટી ઉભી કરવાની સાથે ક્રાફ્ટ સ્ટોલ , ફૂડ સ્ટોલ ઉભા કરવામાં આવશે તેમજ રણમાં સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવશે. જેને લઈને રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભાગોને કામગીરીની સોંપણી કરવામાં આવી છે..

જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા પ્રવાસીઓ માટે ટ્રાફિક નિયમન , કાયદો અને વ્યવસ્થા , આરોગ્યની સુવિધા, રણની સફાઈ સહિતની વ્યવસ્થા કરાશે જ્યારે પીજીવીસીએલ દ્વારા વીજ પુરવઠો નિયમિત મળી રહે તે સુનિશ્ચિત કરાશે.

- (NP, આરતી ભટ્ટ)

---

## અવસાન:

ગાંધીધામ સંકુલના વ્યાપારી સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે અગ્રણી રવીન્દ્રભાઈ પટેલનું ગઈકાલે અવસાન થયું છે. જાહેર જીવન અને સમાજમાં તેઓ રાજાભાઈના નામથી જાણીતા

હતા. તેઓ ગાંધીધામ વેપાર ઉદ્યોગ મંડળ, ગુજરાત એજ્યુકેશન સોસાયટી વગેરે સંસ્થાઓના પ્રમુખ રહી ચુક્યા હતા. તેમણે ગાંધીધામમાં બ્લડ બેંક શરુ કરી હતી.

- (સી. પટ્ટણી)

---

## જલારામ જયંતી ઉજવણીની તૈયારી:

રઘુવંશી સમાજ દ્વારા દર વર્ષે જલારામ બાપાની જન્મ જયંતિની ધાર્મિક પૂજન અર્ચન સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આવતીકાલે બાપાની 225મી જન્મ જયંતી પ્રસંગે ભુજ લોહાણા મહાજન દ્વારા અનોખુ આયોજન કરવામાં આવ્યું છે. સમાજની વિવિધ પાંખના સહયોગથી 225 કિલોનો બુંદીનો લાડુ તૈયાર કરવામાં આવ્યો છે. આ મહાકાય લાડુને આજે સાંજથી સર્વ સમાજ માટે દર્શન માટે રાખવામાં આવશે. આ સાથે સંગીતમય મહાઆરતી પણ યોજાશે.

- (NP, આરતી ભટ્ટ)

---

## ભુજ-ફાયર સ્ટેશન-ભૂમિ પૂજન:

મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજ્યના 32 જિલ્લામાં એક જ પેટર્નના મોડલ ફાયર સ્ટેશન બનાવાશે. જે અંતર્ગત ગઈકાલે લાભ પાંચમના શુભ દિવસે જિલ્લા મથક ભુજમાં અત્યાધુનિક મોડેલ ફાયર સ્ટેશનનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું..

- (NP, આરતી ભટ્ટ)

---